# સો સો સલામ… …આવા પીએચ.ડી.ના ગાઇડને.

માસ્ટર ડિગ્રી મેળવેલ મોટાભાગના વિદ્યાર્થીનું સ્વપ્ન પીએચ.ડી.ની ડિગ્રી મેળવવાનું હોય છે. પીએચ.ડી.ની ડિગ્રી મેળવવી તે કોલેજની પરીક્ષા પાસ કરવા જેટલી સામાન્ય બાબત નથી. ખૂબ જ સમય, વિચાર, મહેનત, આવડત, રખડપટ્ટી, અભ્યાસ માંગીલે છે આ ડિગ્રી. જો તે બાબતોમાંથી એકપણ બાબત ખૂટતી હોય તો તે પીએચ.ડી.ની ઉપાધિ પ્રાપ્ત કરવી ખૂબ જ મુશ્કેલ કે અશક્ય બની જાય છે તેમ કહેવામાં સહેજ પણ વાંધો નથી. પીએચ.ડી.ની ઉપાધિ વ્યક્તિને અલગથી વિચારવાની શક્તિ અને આવડત આપે છે. એટલું જ નહીં સૌથી મોટી વાત તો આ ડિગ્રી સ્ટેટશ પણ આપે છે. માટે આજે પણ અભ્યાસમાં ઉત્સાહ દાખવનાર વિદ્યાર્થીઓ પીએચ.ડી.ની ડિગ્રી મેળવવાનું સ્વપ્ન રાખતા હોય છે. આ સ્વપ્ન કેટલાંક વિદ્યાર્થીઓ માટે સાચા અર્થમાં સપનું બની જતું હોય છે. કારણકે પીએચ.ડી. માટે જરૂરી સમય, વાંચન, મહેનત, આવડત, અભ્યાસ વગેરેમાંથી કોઇપણ એકપાસાની તેમનામાં ગેરહાજરી હોય છે. શરૂઆતમાં ઉત્સાહ દાખવનાર વિદ્યાર્થી થોડાજ સમયમાં થાકી જાય છે અને પીએચ.ડી.નો વિચાર તેમના માટે સપનું બની જાય છે. પીએચ.ડી. કરનાર વિદ્યાર્થીએ પીએચ.ડી. કરતી વખતે અન્ય બીજા ધ્યેય બાજુ પર મૂકવા પડે છે, અને પીએચ.ડી.ને જ પ્રાથમિકતા ાાપવી પડે છે. જે મોટાભાગના વિદ્યાર્થીઓ કરી શકતા નથી અને જેથી અડધે રસ્તે પહોંચ્યા પછી પણ વિદ્યાર્થીએ પીએચ.ડી.કરવાનું છોડી દીધું હોય છે. શરૂમાં અતિઉત્સાહ દાખવનાર આ વિદ્યાર્થી અડધે પહોંચતા જ એવો થાકી જાય છે કે બધું પડતું મૂકી દેશે. માટે જ પીએચ.ડી.ના ગાઇડ વિદ્યાર્થીને રજિસ્ટ્રેશન કરાવતાં પહેલાં કેટલીક ચકાસણી કરે છે. આ ચકાસણીને કેટલાંક વિદ્યાર્થીઓ ગાઇડનો આડંબર ગણે છે, હકીકતમાં તે ખૂબ જ જરૂરી હોય છે. અડધે પહોંચેલો વિદ્યાર્થી જ્યારે પીએચ.ડી.કરવાનું છોડી દે છે, ત્યારે તેને માત્ર તેનો જ સમય બગાડયો હોતો નથી પણ ગાઇડનો પણ સમય બગાડયો હોય છે. તેણે તો પીએચ.ડી. પૂરું ન કર્યું પણ બીજાને તેટલા સમય માટે પીએચ.ડી. કરતાં અટકાવ્યો ગણાય. આવા વિદ્યાર્થીઓ ગાઇડનો જ વાંક કાઢતા હોય છે અને ગાઇડ બિચારા બનીને તે સહન પણ કરતા હોય છે!

પીએચ.ડી. કરવા માટે ગાઇડની ભૂમિકા અત્યંત મહત્ત્વની છે. ઘણીવાર ગાઇડ પોતાની અતિવ્યસ્તતાને કારણે કે અન્ય કારણોસર વિદ્યાર્થીને પૂરતો સમય આપી સકતા નથી. આવા ગાઇડ જે વિદ્યાર્થીને મળ્યા તે વિદ્યાર્થીનું કમનસીબ. તેનાથી ઉલટું વિદ્યાર્થીના સમયે સમય ફાળવનાર ગાઇડ પણ આજે છે,. જે પૂરતા પ્રમાણમાં સમય, માર્ગદર્શન અને પ્રેરણા આપે છે. આવા ગાઇડનું પ્રમાણ ખૂબ જ ઓછું છે. આવા ગાઇડને સો સો સલામ. કે જેમના કારણે આજે પણ સંસોધનનું ક્ષેત્ર ટકી રહ્યું છે. આ ગાઇડ વિદ્યાર્થી માટે શું અને કેવું કરી રહ્યાં છે તેનો અનુભવ થયેલો છે કે નજર સમક્ષ જોયેલું છે. જેને વાગોળવું કે સાંભળવું સૌને ગમે જ.

હું પોતે જ્યારે પીએચ.ડી. કરતો હતો ત્યારે ગોધરા બી.એડ્. કોલેજમાં ફરજ બજાવતો હતો. મારા ગાઇડ શ્રીમતી સાવીત્રીબેન વ્યાસ જેઓ અમદાવાદમાં ફરજ બજાવતા હતા. જેથી માર્ગદર્શન

માટે અમદાવાદ આવવું પડે. મારું વતન પણ અમદાવાદ. જેથી મારા કુટુંબની અનુકૂળતા મુજબ હું અમદાવાદ આવું, ત્યારે માર્ગદર્શન મેળવી લેતો. માર્ગદર્શન માટે ગાઇડ જ્યારે બોલાવે ત્યારે જ જવું પડે, જે આદર્શ બાબત ગણાય. આમછતાં મારી બાબતમાં મારા ગાઇડે મને મારી અનુકૂળતા મુજબ હંમેશ માટે સમય ફાળવી આપ્યો છે. ગોધરાથી સીધો જ તેમના ઘેર પહોંચી જાઉં તો ચા-પાણી નાસ્તો કરાવ્યા વિના માર્ગદર્શન આપે નહીં. તેમના દિકરાની જેમ જ મને રાખે અને સાચવે. જો મને સાવિત્રીબેન ગાઇડ તરીકે ન મળ્યાં હોત તો મારા માટે પીએચ.ડી. કરવું ખૂબ જ મુશ્કેલ બની ગયું હોત. માર્ગદર્શન આપવામાં પૂરી સજાગતા, પૂરો સમય ફાળવવો તે અઘરું છે, છતાં તે બાબતને સાવિત્રીબેને સહજ બનાવી દીધી હતી. સમય રાત્રીનો હોય કે દિવસનો પણ મારા માટે તેમના ઘરના દરવાજા હંમેશ માટે ખુલ્લા રહેતાં. બહેનશ્રી ખવડાવે ખરા, પણ ક્યારેય ખખડાવે નહીં. સાવિત્રીબેને મારા માટે જ આવું કર્યું તેમ નથી. મારા પછી પણ બીજા ત્રણ વિદ્યાર્થીના તેઓ ગાઇડ હતાં, ત્યારે તેમને પણ પોતાના દિકરાની જેમ જ રાખે અને પ્રેમથી માર્ગદર્શન આપે. તેમને ક્યારેય ગુસ્સે થતાં નથી જોયાં. હા.. મારા પીએ.ડી.નો વાચવા આપવા માટે અમારે રાજકોટ જવાનું હતું. મેં નક્કી કરેલું કે ગાઇડ છે માટે કાર ભાડેથી કરીને જઇએ તો  સમય અને આરામ બાબતે સાનુકૂળતા રહે. મેં બહેનશ્રીને કારની વાત કરી તો તેાે મને લડયાં હતાં, કે કારમાં જવાની શી જરૂર છે. આપણે એસ.ટી. બસમાં જ જઇશું. અંતે અમે એસ.ટી. બસમાં જ ગયા હતાં! તેમણે ક્યારેય તેમના કોઇ સ્વાર્થની કોઇ વાત કરી નથી. તેમણે હંમેશા વિદ્યાર્થીના સ્વાર્થને જ પ્રાધાન્ય આપ્યું છે. તેમની પાસે માર્ગદર્શન મેળવનાર સૌ વિદ્યાર્થીઓ મારા મતે નસીબદાર ગણાય. આવાજ બીજા ગાઇડ શ્રી રમેશભાઇ કોઠારી સાહેબ કે જેઓ આજે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી-વીર નર્મદ યુનિવર્સિટી સુરતમાં કુલપતિ છે. તેઓ ખૂબ જ વ્યસ્ત હોવા છતાં ક્યારેય પણ તેમના વિદ્યાર્થીને સમય કે માર્ગદર્શન માટે અન્યાય કરેલ નથી. તેમની એક વિદ્યાર્થિની તો ગોવામાં સ્થાયી થયેલ છે. તો આ વિદ્યાર્થિનીને તેણીના સમયની અનુકૂળતાએ સમય આપીને માર્ગદર્શન આપે છે. કોઠારી સાહેબ ખૂબ જ સ્પષ્ટ વક્તા, ખૂબ જ ઊંડા અભ્યાસુ અને સખત મહેનતું. પોતાના વિદ્યાર્થીમાં સહેજ પણ કચાશ ન ચલાવે. વિદ્યાર્થીને મહેનત કરાવે અને સાથે પોતે પણ એટલીજ મહેનત કરે. તેમને તેમના હોદ્દાનું ગૌરવ ખરું, પણ ખોટું અભિમાન સહેજ પણ નહીં. વલ્લભવિદ્યાનગર ખાતે રહેતા ઉપાધ્યાય સાહેબ તો પોતાના વિદ્યાર્થીને પોતાના ઘેર રાખે, ખવડાવે અને સૂવડાવે પણ ખરા. તેમના ઘરના સભ્યની જેમ જ વિદ્યાર્થીએ તેમના ઘરમાં રહેવાનું. છતાં કામ બાબતમાં સહેજ પણ ચલાવી ન લે. રાત્રે વિદ્યાર્થી સાથે પોતે પણ જાગે! આવા ગાઇડની સંખ્યા ટકી રહે એટલું જનહીં, પણ વધતી જાય તેવી મનોકામના. અત્યારના આવા ગાઇડ અને ભવિષ્યમાં આવા બનનારા ગાઇડને એડવાન્સમાં સો સો સલામ.